eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 198
September 25, 2009

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૧૯–૦૯–૨૦૦૯ થી તા. ૨૮–૦૯–૨૦૦૯ દરમ્યાન ફુડ ફેસ્ટીવલ

નવરાત્રીના પાવનપર્વ નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧૯–૦૯–૨૦૦૯ થી તા. ૨૮–૦૯–૨૦૦૯ દરમ્યાન ફુડ ફેસ્ટીવલનું અઠવા ઝોન, અઠવાલાઈન્સ, મ્યુ. પાર્ટી પ્લોટ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. તા.૧૯–૦૯–૨૦૦૯નાં રોજ સાંજે ૭.૦૦ કલાકે આરોગ્ય સમિતિના મા.અધ્યક્ષ શ્રીમતિ વીણાબેન નાણાવટીના વરદહસ્તે આ ફુડ ફેસ્ટીવલનું મંગલાચરણ કરી જાહેર જનતા માટે ખુલ્લો મુકવામાં આવ્યો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## મ્યુનિસીપલ કોર્ટમાં 'લોક અદાલત'

સુરતમાં નાગરિકો ધ્વારા વિવિધ પ્રકારે કરવામાં આવતા ન્યુસન્સ બદલ, સુ.મ.પા. તરફથી ઘી.બી.પી.એમ.સી. એકટ હેઠળ કરવામાં આવેલ કેસો તથા શોપ એન્ડ એસ્ટાબ્લીશકેન્ટ એકટ હેઠળ કરવામાં આવેલ કેસોનાં નિકાલ અર્થે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## આરોગ્યખતાનાં પરવાના /ટોકન વગર ઘરમાં કૂતરા પાળતા બેગમપુરાના મહિલા સામે ગુન્હો દાખલ કરાતા મ્યુનિ. કોર્ટે ફટકારેલ દંડ

શહેરનાં બેગમપુરા, મોરકસ મહોલલામાં રહેતા નફિસાબેન દાઉદભાઈ કાચવાલા પોતાના રહેઠાણનાં સ્થળે કૂતરા નંગ –૩ પાળેલ છે અને તે કૂતરાને કારણે પાડોશીઓને ન્યુસન્સ થતું હોવાની ફરિયાદ સેન્ટ્રલ ઝોનના, ઝોનલ ઓફિસરને મળતા, નાયબ આરોગ્ય અધિકારી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા

હરિઃૐ આશ્રમ પ્રેરિત, સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા" નું આયોજન તા.૩૦/૦૯/૨૦૦૯ ને બુધવારના રોજ સવારે ૮. ૦૦ કલાકે રૂસ્તમપુરા તરણકુંડ, કડીવાલા બુનકી મેટરનીટી હોમની સામે, રૂસ્તમપુરા, સુરત ખાતે કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૧૯–૦૯–૨૦૦૯ થી તા. ૨૮–૦૯–૨૦૦૯ દરમ્યાન ફુડ ફેસ્ટીવલ

નવરાત્રીના પાવનપર્વ નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧૯–૦૯–૨૦૦૯ થી તા. ૨૮–૦૯–૨૦૦૯ દરમ્યાન ફુડ ફેસ્ટીવલનું અઠવા ઝોન, અઠવાલાઈન્સ, મ્યુ. પાર્ટી પ્લોટ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. તા.૧૯–૦૯–૨૦૦૯નાં રોજ સાંજે ૭.૦૦ કલાકે આરોગ્ય સમિતિના મા.અધ્યક્ષ શ્રીમતિ વીણાબેન નાણાવટીના વરદહસ્તે આ ફુડ ફેસ્ટીવલનું મંગલાચરણ કરી જાહેર જનતા માટે ખુલ્લો મુકવામાં આવ્યો. કાર્યક્રમના અતિથિવિશેષશ્રીઓ મા.અધ્થક્ષશ્રી સ્થાયી સમિતિ શ્રી મુકેશભાઈ દલાલ, મા. નેતાશ્રી શાસક પક્ષ શ્રી ભીમજીભાઈ પટેલ ઉપસ્થિત રહયા હતા.

ફુડ ફેસ્ટીવલ અલગ અલગ અંદાજે ૮૪ સ્ટોલોનું આયોજન કરવામાં આવેલ છે. જાહેરજનતા આ સ્ટોલોમાં ચાઈનીઝ, ઈન્ડિયન, પંજાબી, ઠંડા પીણા, ફાસ્ટ ફુડ, નોર્થ ઈન્ડિયન ચાટ,કાઠીયાવાડી, રાજસ્થાની વિવિધ વાનગીનો સ્વાદ માણી શકશે. સદર મેળામાં સીસી ટીવી કેમેરા કન્ટ્રોલ રૂમ, આરોગ્ય પ્રચાર માટે વેકશીન તથા ફુડ વિભાગની ઓફીસ પણ નિમંત્રણ પ્રચાર અર્થે રાખવામાં આવી છે.

સુરત મહાનગરપાલિકા પ્રજાને પ્રાથમિક સુવિધા જેવી કે રસ્તા, પાણી ગટર અન્ય સવલતો જેવી પ્રાથમિક શિક્ષણ, આરોગ્ય કેન્દ્રો જેવી ફરજિયાત સેવાઓ ઉપરાંત મરજીયાત કરવાની કામગીરી પૈકી સુરતની સ્વાદપ્રિય અને શોખીન જાહેર જનતાને એક જ સ્થળે વિવિધતાસભર, સાતત્યપૂર્ણ રૂચીકારક સાત્વીક વાનગીઓનો લાભ મેળવી શકે તે આશયને ફળીભૂત કરવા સુરત મહાનગરપાલિકા તત્પર છે. આ દિશામાં પ્રયાસ તરીકે પ્રતિવર્ષ જુદા જુદા ઝોનોમાં ફુડ ફેસ્ટીવલ નું આયોજન કરવામાં આવે છે.

આ પ્રસંગે વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, અધિકારી/કર્મચારી ગણ તેમજ વિશાળ સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. આ ફુડ ફેસ્ટીવલ તા. ૧૯–૦૯–૨૦૦૯ થી તા. ૨૮–૦૯–૨૦૦૯ ના સમયગાળા દરમ્યાન સાંજે ૬.૦૦ થી રાત્રે ૧૧.૦૦ કલાક સુધી જાહેર જનતા માણી શકશે.

TOP

## મ્યુનિસીપલ કોર્ટમાં 'લોક અદાલત'

સુરતમાં નાગરિકો ધ્વારા વિવિધ પ્રકારે કરવામાં આવતા ન્યુસન્સ બદલ, સુ.મ.પા. તરફથી ઘી.બી.પી.એમ.સી. એકટ હેઠળ કરવામાં આવેલ કેસો તથા શોપ એન્ડ એસ્ટાબ્લીશકેન્ટ એકટ હેઠળ કરવામાં આવેલ કેસોનાં નિકાલ અર્થે આગામી તારીખ બીજી ઓકટોબર ૨૦૦૯–ગાંધીજયંતિના દિવસે, મે. ઝયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (મ્યુનિ.) સાહેબની કોર્ટમાં 'લોક અદાલત' નું આયોજન કરવામાં આવેલ છે, જેમાં આવાં કેસોમાં સમાધાનરૂપે ઓછા દંડથી કેસોનાં નિકાલ કરવામાં આવનાર છે. જેથી આ લોક અદાલતનો મહત્તમ લાભ લેવા અપીલ કરવામાં આવે છે.

TOP

## આરોગ્યખતાનાં પરવાના /ટોકન વગર ઘરમાં કૂતરા પાળતા બેગમપુરાના મહિલા સામે ગુન્હો દાખલ કરાતા મ્યુનિ. કોર્ટે ફટકારેલ દંડ

શહેરનાં બેગમપુરા, મોરકસ મહોલલામાં રહેતા નફિસાબેન દાઉદભાઈ કાચવાલા પોતાના રહેઠાણનાં સ્થળે કૂતરા નંગ –૩ પાળેલ છે અને તે કૂતરાને કારણે પાડોશીઓને ન્યુસન્સ થતું હોવાની ફરિયાદ સેન્ટ્રલ ઝોનના, ઝોનલ ઓફિસરને મળતા, નાયબ આરોગ્ય અધિકારી ડો. ઉમરીગર અને આરોગ્ય નિરીક્ષકશ્રી મો. ઈકબાલ શેખની તપાસમાં નફિસાબેને પાળેલા કૂતરા માટે આરોગ્ય વિભાગમાંથી પરવાનો / ટોકન પણ મેળવેલ ન હોવાનું માલુમ પડતા, પ્રોસી. સેની. ઈન્સ્પે.શ્રી એમ.જે. નવસારીવાલાએ તેઓની સામે મ્યુ. કોર્ટમાં કેસ દાખલ કરતાં નામદાર મ્યુ. મેજીસ્ટ્રેટ શ્રી એ.વી.હિરપરા સાહેબે નફિસાબેનને રૂા. ૧૦૦ નો દંડ ફટકારેલ છે.

TOP

## શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા

હરિઃૐ આશ્રમ પ્રેરિત, સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા" નું આયોજન તા.૩૦/૦૯/૨૦૦૯ ને બુધવારના રોજ સવારે ૮.૦૦ કલાકે રૂસ્તમપુરા તરણકુંડ, કડીવાલા બુનકી મેટરનીટી હોમની સામે, રૂસ્તમપુરા, સુરત ખાતે કરવામાં આવેલ છે. જેમાં ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.

TOP